
ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



હાર્દિજ્ઞ ઘનંજય જોષી
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



વિઆન
વિશાલકુમાર ગોહિલ
મો. ૯૬૮૭૧ ૮૯૬૫૫



રિદ્ધિ ચિરાગ ઠાકોર
મો. ૭૬૦૦૫ ૨૫૪૫૨



પ્રિયાંશી કલ્પેશ સાગર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



રીટાબેન શાહ
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સ્કૂલ ઑફ અચિવરમાં નાતાલની ઉજવણી





ભગવાન ઈસુનો જન્મદિવસ એટલે નાતાલ. દુનિયાભરમાં ઉજવાતા આ તહેવારને કુડાસણ સ્થિત સ્કૂલ ઑફ અચિવરે પણ ખૂબ ઉત્સાહ અને ભક્તિભાવથી ઉજવ્યો હતો.

પ્રિ-પ્રાઈમરી અને પ્રાથમિક વિભાગનાં ભૂલકાઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને ઈવેન્ટને સફળતા બક્ષી હતી. વિવિધ વયજૂથનાં બાળકોએ વિવિધ કેરલસૉંગ રજૂ કર્યા હતાં તો પ્રિ-પ્રાઈમરી અને ધોરણ-૭,૮નાં બાળકોએ જુદાં-જુદાં નૃત્યો પ્રસ્તુત કરી પ્રેક્ષકોનાં મન મોહી લીધાં હતાં.ભગવાન ઈસુના જન્મ પર આધારિત સ્કિટ રજૂ કરી બાળકોએ બૅથ્લેહેમ, જેરુસલેમને શાળા પરિસરમાં તાદશ કર્યું હતું. એક શિક્ષકે સાન્તાક્લોઝનું સ્વરૂપ ધારણ કરીને બાળકોને આનંદની અનુભૂતિ કરાવી દીધી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## જે બી પ્રાથમિક શાળામાં નાતાલ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

વિદ્યાર્થીઓએ સાન્તા ક્લોઝની વેશભૂષામાં સજ્જ થઈ તમામ વિદ્યાર્થીઓને ચૉકલેટ વહેંચી આનંદ વહેંચ્યો હતો. ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે પોએમ સિંગિંગ સ્પર્ધા અને ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે સ્ટોરી ટેલિંગ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રંગબેરંગી વેશભૂષામાં સજ્જ થઈને ડાન્સ પણ પ્રસ્તુત કર્યો હતો. સાન્તા ક્લોઝની વેશભૂષમાં સજ્જ વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોનના ઉપયોગમાં સંયમ દાખવવાની શીખ અન્ય વિદ્યાર્થીઓને આપી હતી. આ સફળ ઉજવણી બદલ સૌ વિદ્યાર્થીઓને આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા સરકારી દત્તક શાળા સેકટર ૭માં ક્રિસમસ ડેની ઉજવણી બાળકો પાસે કેક કપાવી, બધાં બાળકોને કેક અને ચોકલેટ આપી કરવામાં આવી. લાયોનેસ પ્રમુખ ડિમ્પલ દેસાઈ, મંત્રી પ્રિતીબેન શર્મા તથા પૂર્વ પ્રમુખ મમતાબેન, વૈશાલીબેન તથા ક્લબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં શાળાના આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીઓનો સાથ સહકાર રહયો હતો.

## ઍસ. જી. - ઍસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ક્રિસમસની ઉજવણી



એસ.જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં સોમવારના રોજ ક્રિસમસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ નાતાલ વિષય પર નાટક રજૂ કર્યા હતા તેમજ દરેક વર્ગને શણગાર્યો હતો. સાન્તા ક્લોઝે દરેક વર્ગની વિઝીટ લીધી હતી અને બાળકોને બિરદાવ્યાં હતાં.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સૌરાષ્ટ્રનો પ્રવાસ યોજવામાં આવ્યો




શૈક્ષણિક પ્રવાસની મજા જ અનેરી હોય છે. આમાં બાળકને આનંદની સાથે-સાથે શૈક્ષણિક માહિતી પણ મળતી હોય છે. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનાં બાળકોને આ જ હેતુથી સૌરાષ્ટ્રના પ્રવાસે લઈ જવામાં આવ્યાં હતાં. પ્રવાસ દરમિયાન સાયલા, ચોટીલા, નવા રણુંજા, જામનગર, દ્વારકા, બેટ દ્વારકા, પોરબંદર તથા ગોંડલનાં જોવાલાયક સ્થળોની મુલાકાત આ બાળકોએ લીધી હતી અને આ સ્થળો વિશેની વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી.

# ગાંધીનગર જલસા સ્ટ્રીટમાં 'શૉર્ટ સર્કિટ'





ગાંધીનગર, તા. ૨૬

'મારું ગાંધીનગર' દ્વારા રવિવારે સવારે સૅન્ટ્રલ વિસ્ટા ખાતે જલસા સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. અઢી હજારથી વધુ યુવાનો વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડિવયાએ પ્રધાનમંત્રી જન ઔષધ પરિયોજના વિશે જાગરૂકતા લાવવા ખાસ પ્રયત્નો કર્યા હતા. આ અંગે જેનરિક ઔષધોના સ્ટોલ સાથે વિગતે માહિતી આપવામાં આવી હતી. રેડિયો મિર્ચીના ખ્યાત આરજે ધ્વનિત અને હિરોઈન કિંજલ રાજપરિયા જાન્યુઆરી મહિનામાં પ્રદર્શિતથનારી ફિલ્મ 'શૉર્ટ સર્કિટ'નું કૅમ્પેઈન કરવા જલસા સ્ટ્રીટમાં આવ્યાં હતાં. એમણે યુવાનો સાથે સંવાદ કરીને એમને રાજી કરી દીધા હતા. 'છેલ્લો દિવસ' ફિલ્મના હિરો મયુર ચૌહાણે ધમાકેદાર ડાયલોગ સંભળાવી સૌ યુવાઓનાં દિલ જીતી લીધાં હતાં.

જલસા સ્ટ્રીટમાં ઝુમ્બા, ડાન્સ, ગરબા, રૅપ સાથે અનેક કાર્યક્રમો પ્રસ્તુત થયા હતા. ક્રિસમસ હોવાથી મોટાભાગના યુવાઓ લાલ રંગનાં વસ્ત્રોમાં સજ્જ થઈને જલસા સ્ટ્રીટમાં આવ્યા હતા.

# પ્રેરણા વિદ્યાલયનો જાનદાર વાર્ષિકોત્સવ





આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત અને સૅક્ટર-૫માં કાર્યરત પ્રેરણા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ સૅક્ટર-૨૨ રંગમંચ ખાતે સોમવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ તરીકે ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી જે ચાવડા, ગાંધીનગર નાગરિક કો-ઓપ બૅન્કના ચૅરમૅન તથા રાજપૂત સમાજના પ્રમુખ ઍલ કે વાઘેલા, કમિશનર ઑફ સ્કૂલ્સ કચેરીનાં સબ્જેક્ટ ઍક્સપર્ટ સ્વાતિબા રાઓલ, આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ અને આર ઍમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બાલમંદિરથી માંડીને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લઈને પ્રાર્થના, સ્વાગતગીત, પંજાબી ડાન્સ, રાસ, રાજસ્થાની ડાન્સ અને માઈમ જેવી કૃતિઓ પ્રસ્તુત કરીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ પણ આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.


કાર્યક્રમનું સંચાલન આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા અને આભારવિધિ મહેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૬૬મો મણકો ॥

સૌથી અગત્યનું કારણ - સરદાર પટેલના અંગત સચિવ મૂળશંકર ભટ્ટ - ફોર હેલ્થ રિઝન્સ. આરોગ્યની દૃષ્ટિએ એમ કર્યું હશે એમ હું માનું છું.

આપણામાંથી કેટલાને ખબર છે કે વલ્લભભાઈ ગાંધીજીના પેશન્ટ હતા ? જેલમાંથી કાગળ લખ્યો હતો, કારોબારીના સભ્યોને જ્યાં રાખવા હોય ત્યાં રાખો પણ એક વ્યક્તિને મારી સાથે રાખો. એ પ્રાકૃતિક ચિકિત્સાનો મારો પેશન્ટ હતો.



ભાગલા પછી ચિંતાનો વિષય હતો જે બચેલો દેશ છે એની સ્થિરતા કેવી રીતે અખંડ રહે ? જો એનો પહેલો વડોપ્રધાન એના આરોગ્ય વિશે ચિંતા હોય, એના કરતાં જુવાન વડાપ્રધાન હોય, જે પછીથી ૧૭ વર્ષ જીવ્યો એનો વિચાર આ માણસે કર્યો હતો. એ સ્થિરતાની ચિંતા એમણે જાહેરમાંય કરી હતી.


સૌથી છેલ્લી મુલાકાત વલ્લભભાઈ સાથે : સામે ચાલીને મળવા બોલાવ્યા હતા. પ્યારેલાલને કહીને.

150 ગાંધીયાત્રા

પ્રાર્થનામાં મોડું પણ થયું. તમારા મતભેદો હોય ને છૂટા થઈ જવું હોય તો ભલે. એવું અગાઉ કહી ચૂકેલા ગાંધીજીએ ત્યારે વલ્લભભાઈને કહ્યું હું હવે પાકા એ નિર્ણય પર આવી ગયો છું કે આ દેશની સ્થિરતા જાળવવી હોય તો તમારે બંનેએ સાથે મળીને કામ કરવું પડશે.

પ્રાર્થના પછી પહેલી મુલાકાત જવાહરને આપી છે અને એને પણ હું આ જ કહેવાનો છું. આ એના મનમાં ચિંતાનો વિષય હતો.

પથારીમાં પડ્યા પડ્યા નાકમાં ઓક્સિજનની નળી હોય, હાથમાં ડ્રીપ ચાલતી હોય એવી રીતે મરેલા ગાંધીજીને આપણે કલ્પી શકીએ છીએ ? ગાંધીજીનું મોત આનાથી વધારે સારું હોઈ શકે નહીં.



ઉતાવળ હતી એને પ્રાર્થના માટે જવા માટે.

ભક્તને ઉતાવળ હતી પ્રાર્થનાભૂમિ પર પહોંચવા માટે. અને ભગવાનનેય ઉતાવળ હતી ભક્તને મળવાની એટલે પ્રાર્થનાભૂમિ સુધી પહોંચવા જ ન દીધા ને અડધે રસ્તે જ પડ્યા. સૂતા સૂતા પથારીમાં જવાને બદલે ચાલતા ચાલતા ગયા.

એમની દૃષ્ટિએ ઈચ્છામૃત્યુ જ સંપન્ન થયું.

આપણી દૃષ્ટિએ એ આપણને વિચાર કરતાં કરી મૂકે તો પૂરતું છે : કદી સમય મોડો નથી થતો વિચારવાનો.

આજે પણ એ સમય એટલો જ રિલેવન્ટ છે.



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ